| | |
|---|---|
| | દાખલ તારીખ: ૦૭/૧૧/૨૦૨૫ |
| | રજીસ્ટર તારીખ : ૦૭/૧૧/૨૦૨૫ |
| | ફેસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ : ૦૦, મહિના: ૦૪, દિવસ: ૦૦ |

सत्यमेव जयते

........................................................................

## *નર્મદાનાં મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ,*
## *મુ–રાજપીપળા , જી.નર્મદા*

........................................................................

***<u>ફોજદારી કેસ નં. ૩૧૪૫/૨૦૨૫</u>***

**આંક:–**

**<u>ફરીયાદી</u>: –** **<u>શ્રી સ ર કા ર</u>**

**:– <u>વિરૂધ્ધ</u> –:**

**<u>આરોપી</u> :–** (૧) મહેશભાઈ માનસીંગભાઈ વસાવા

(૨) રમેશભાઈ ગોનજીભાઈ વસાવા

(૩) અક્ષયભાઈ વજેસીંગભાઈ વસાવા

(૪) હરીસીંગભાઈ વજેસીંગભાઈ વસાવા
૧થી૪ રહે.કેવડી,તા.દેડીયાપાડા, જી.નર્મદા.

(૫) સુરેશભાઈ પ્રતાપભાઈ વસાવા
રહે. ઘાંટોલી, તા.દેડીયાપાડા, જી.નર્મદા.

(૬) નિરંજનભાઈ રમેશભાઈ વસાવા
રહે.કેવડી,તા.દેડીયાપાડા, જી.નર્મદા.

.........................................................................

**<u>ગુન્હો:</u>– <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબ.</u>**

.........................................................................

**<u>શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.જે.વકીલ.</u>**
**<u>આરોપી તરફે વિ.વ.શ્રી આર.એસ.વસાવા.</u>**

## <u>// ચુ કા દો //</u>

(૧)... *<u>ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે</u>,*

આ કામના ચાર્જશીટના કોલમ નં. ૧ અને ૨ માં જણાવેલ આરોપીઓએ તા.૨.૯.૨૦૨૫ ના રોજ સાંજના ૧૯/૦૦ કલાકથી તા.૩.૯.૨૦૨૫ ના રોજના ૯.૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન મોજે પ્ર તાપનગર ગામની સીમમા એચ.પી. પેટ્રોલપંપની પાછળ આવેલ અપોલો સોલાર પાવર પ્લાન્ટમા આશરે ૧૨૦૦ મીટર ડી.સી. કેબલો કિં.રૂ. ૪૨,૦૦૦/– નો મુદ્દામાલ ચોરી કરી લઈ જઈ તપાસ દરમ્યાન ચોરાયેલ મુદ્દામાલ સાથે આ કામના આરોપીઓ પકડાઈ જઈ, ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી, ગુનો કરતા આમલેથા પો.સ્ટે.માં ગુના રજી. નં. પાર્ટ એ ૧૧૮૨૩૦૨૬૨૫૦૮૮૮/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબ ગુનો નોંધાતા, તપાસ કરનાર અમલદારે પુરતી તપાસનાં અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ કરતા તેને ઉપરોકત નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોં ધવામાં આવેલ.

(૨)... સદર કામનો સમન્સ આરોપીઓને ધોરણસર બજેલ છે અને આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે રજુ થયેલ પોલીસ તપાસનાં કાગળોની નકલો આપ્યા બાદ આરોપીઓની સામે આંક–૪ થી તહોમતનામુ

ફરમાવી અનુક્રમે આંક–પ થી ૧૦ સુધી પ્લી નોંધતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સબબ કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩)... સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસની હકકીતના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

**::––મૌખિક પુરાવા––::**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | ૧૧ | પંચસાહેદ સોમાભાઈ દેવજીભાઈ વસાવાની જુબાની |
| (૨) | ૧૪ | પંચસાહેદ મિનેશભાઈ દિનેશભાઈ વસાવાની જુબાની |
| (૩) | ૧૫ | પંચસાહેદ વિશાલભાઈ ઘનશ્યામભાઈ દિહોરાની જુબાની |
| (૪) | ૧૭ | પંચસાહેદ ઝીલકુમાર રોહીતભાઈ પટેલની જુબાની |
| (૫) | ૧૮ | પંચસાહેદ અભેસીંગભાઈ કારાયાભાઈ વસાવાની જુબાની |
| (૬) | ૨૧ | ફરીયાદી કિશોરભાઈ ભદ્રેશભાઈ ચૌહાણની જુબાની |
| (૭) | ૨૩ | પંચસાહેદ ભરતભાઈ શાંતિલાલ વસાવાની જુબાની |
| (૮) | ૨૪ | ત.ક.અમલદાર દિપકકુમાર રામજીભાઈ |

| | | |
|---|---|---|
| | | રાઠોડની જુબાની |

::––<u>દસ્તાવેજી પુરાવા</u>––::

| <u>અનું.નં.</u> | <u>આંક</u> | <u>દસ્તાવેજનું વર્ણન</u> |
|---|---|---|
| ૧) | ૧૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૨) | ૧૬,૧૯ | આરોપીની શરીરસ્થિતિનુ પંચનામુ |
| ૩) | ૨૨ | અસલ ફરીયાદ |

(૪)... ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવા અંગેની કલોઝિંગ પુરસીસ આંક.૨૫ થી રજુ કરેલ છે. ત્યારબાદ સદર કામ બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ મુજબ આરોપીના વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ પરંતુ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ પર રજુ થયેલ ન હોય આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(૫)... ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો, રજુ કરેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ, કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા.

::<u>–મુદ્દા–</u>::

**૧.** *શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ચાર્જશીટના કોલમ નં. ૧ અને ૨ માં જણાવેલ આરોપીઓએ તા.૨.૯.૨૦૨૫ ના રોજ સાંજના ૧૯/૦૦ કલાકથી તા.૩.૯.૨૦૨૫ ના રોજના ૯.૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન મોજે*

*પ્રતાપનગર ગામની સીમમા એચ.પી. પેટ્રોલપંપની પાછળ આવેલ અપોલો સોલાર પાવર પ્લાન્ટમા આશરે ૧૨૦૦ મીટર ડી.સી. કેબલો કિં.રૂ. ૪૨,૦૦૦/– નો મુદ્દામાલ ચોરી કરી લઈ જઈ તપાસ દરમ્યાન ચોરાયેલ મુદ્દામાલ સાથે આ કામના આરોપીઓ પકડાઈ જઈ, ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબનો ગુન્હો કરેલ છે ?*

*૨. શું હુકમ ?*

(૬)... ઉપરોકત મુદ્દાઓના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧: **નકારમાં**

મુદ્દા નં.૨ : **આખરી હુકમ મુજબ.**

## ::નિર્ણયના કારણો::

**મુદ્દા નંબર ૧ અને ૨ અંગે:–**

(૭)... આ કામે બન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતો નું પુનરાવર્તન ન થાય તે હેતુથી બન્ને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવી છે.

(૮)... સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક–૧૧ થી પંચસાહેદ સોમાભાઈ દેવજીભાઈ વસાવા અને આંક–૧૪ થી પંચસાહેદ મિનેશભાઈ દિનેશભાઈ વસાવાને તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદ તેમની જુબાનીમાં ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવતા તે આંક–૧૨ થી રજુ કરવામાં આવેલ છે. સદર પંચસાહેદો તેઓની જુબાનીથી હોસ્ટાઈલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી તરફે ઉલટતપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતને સમર્થન કરતા

નથી. બચાવપક્ષના વકીલશ્રી તરફે લેવાયેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે તેમણે તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ હકીકત જાણતા ન હોવાનુ જણાવે છે.

(૯)... ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક –૧૫ થી પંચસાહેદ વિશાલભાઈ ઘનશ્યામભાઈ દિહોરા અને આંક–૧૭ થી પંચસાહેદ ઝીલકુમાર રોહીતભાઈને તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદ તેમની જુબાનીમાં આરોપીની શરીરસ્થિતિ અને મુદ્દામાલ રીકવરીના પંચનામા માં પોતાની સહી ઓળખી બતાવતા તે આંક–૧૬ થી રજુ કરવામાં આવેલ છે. સદર પંચસાહેદો તેઓની જુબાનીથી હોસ્ટાઈલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી તરફે ઉલટતપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. બચાવપક્ષના વકીલશ્રી તરફે લેવાયેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે તૈયાર લખેલા કાગળ પર સહી કર્યા સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી. મુદ્દામાલ તરીકે પોલીસે તેમને વાયરનો કોથળો બતાવેલ.

(૧૦)... ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક –૧૮ થી પંચસાહેદ અભેસીંગભાઈ કારીયાભાઈ વસાવા અને આંક–૨૩ થી પંચસાહેદ ભરતભાઈ શાંતિલાલ વસાવાને તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદ તેમની જુબાનીમાં આરોપીની શરીરસ્થિતિના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવતા તે આંક–૧૯ થી રજુ કરવામાં આવેલ છે. સદર પંચસાહેદો તેઓની જુબાનીથી હોસ્ટાઈલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી તરફે ઉલટતપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. બચાવપક્ષના વકીલશ્રી તરફે લેવાયેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે તૈયાર લખેલા કાગળ પર સહી કર્યા સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી.

**(૧૧)...** ત્યાર બાદ સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક–૨૧ થી ફરીયાદી કિશોરભાઈ ભદ્દેશભાઈ ચૌહાણને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ સમયે તેઓ પ્રતાપનગર ગામમા એપોલો સોલાર પાવર પ્લાન્ટમા ઈલ ેકટ્રીક એન્જીનીયર તરીકે નોકરી કરતા હતા. તા.૨.૯.૨૦૨૫ ના રોજ તેઓ સોલાર પાવર પ્લાન્ટમા નોકરી પર ગયેલ અને ઈલિકટ્રીક સપ્લાય ચેક કરી સાંજે તેઓ તેમના ઘરે પરત ફરેલ. બીજા દિવસે સવારે પ્લાન્ટમા ચેક કરતા ડી.સી. કેબલ આશરે ૧૨૦૦ મીટર કોઈ અજાણ્યા ઈસમ કાપીને ચોરી કરી ગયેલાનુ તેમને જણાયેલ. જેથી તેમણે આજુબાજુ શોધખોળ કરેલ પરંતુ ચોરાયેલ ડી.સી. કેબલ મળી આવેલ નહિ. જે બાબતે તેમણે પોલીસમા ફરીયાદ આપેલ. જે ફરીયાદમા તેમની સહી ઓળખી બતાવતા તે આંક.૨૨ થી રજુ થયેલ છે.

ત્યારબાદ સદર ફરીયાદીની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓ કબુલ કરે છે કે, તેમણે અજાણ્યા ઈસમ વિરુધ્ધ ફરીયાદ આપેલી. ચોરી કોણે અને કેવી રીતે કરી તેની તેમને ખબર નથી.

**(૧૨)...** ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક–૨૪ થી ત.ક.અમલદાર દિપકકુમાર રામજીભાઈ રાઠોડને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તા.૮.૯.૨૦૨૫ ના રોજ તેઓ એલસીબી સ્ટાફના માણસો સાથે ડેડીયાપાડા વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે, આમલેથા પો.સ્ટે. વિસ્તારમા આવેલ સોલાર પાવર પ્લાન્ટના કેબલની ચોરી થયેલની ફરીયાદ દાખલ થયેલ છે જે ચોરીનો મુદ્દામાલ કેટલાક ઈસમો બે મો.સા. પર મિશન ચોકડીથી ભરૂચ તરફ જઈ રહેલ છે. જેથી તેઓએ બે પંચોના માણસો બોલાવી પં

ચો સાથે મીશન ચોકડી ઉપર વોચમા હતા તે દરમ્યાન બે મો.સા. આવતા તેને ઉભી રાખી બે પંચો રૂબરૂ નામઠામ પુછી મો.સા. ચેક કરતા તેની ઉપર કોથળા હતા. જે બે પંચો રૂબરૂ ખોલી જોતાં તેમા કોપર વાયરના ગુંચળા હતા જે બાબતે મો.સા. ચાલકને પુછતા આમલેથા વિસ્તાર તથા ડેડીયાપાડાના ચીકદા ગામ તથા સુરત ગ્રામ્યના ઉમરપાડા વિસ્તારમાંથી સોલાર પ્લાન્ટના કેબલોની ચોરી કરેલ હોવાનુ જણાવેલ. જેથી તેઓને આમલેથા પો.સ્ટે.મા મુદ્દામાલ સાથે સોં પેલ. સદર ગુનાની આગળની તપાસ આમલેથા પો.સ્ટે.ના એએસઆઈ જયેશભાઈ નારસીંગભાઈનાઓએ કરેલી.

ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે,તેમણે અજાણ્યા ઈસમ વિરુધ્ધ ફરીયાદ આપેલી.

**(૧૩)...** સદર કામે આ કામના આરોપીઓ ઉપર પ્રતાપનગર ગામની સીમમા એચ.પી. પેટ્રોલપંપની પાછળ આવેલ અપોલો સોલાર પાવર પ્લાન્ટમા આશરે ૧૨૦૦ મીટર ડી.સી. કેબલો કિં.રૂ. ૪૨,૦૦૦/- નો મુદ્દામાલ ચોરી કરેલ હોવાનો આક્ષેપ છે. જે સંદર્ભે રેકર્ડ પર આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો સદર કામે આંક.૨૧ થી ફરીયાદી કિશોરભાઈ ભદ્ેશભાઈ ચૌહાણનાઓને તપાસાવમા આવેલ છે જેમનો પુરાવો વંચાણે લેતા તેઓ જણાવે છે કે, તા.૨.૯.૨૦૨૫ ના રોજ તેઓ સોલાર પાવર પ્લાન્ટમા નોકરી પર ગયેલ અને ઈલેકટ્રીક સપ્લાય ચેક કરી સાંજે તેઓ તેમના ઘરે પરત ફરેલ. બીજા દિવસે સવારે પ્લાન્ટમા ચેક કરતા ડી.સી. કેબલ આશરે ૧૨૦૦ મીટર કોઈ અજાણ્યા ઈસમ કાપીને ચોરી કરી ગયેલાનુ તેમને જણાયેલ. જેથી તેમણે આજુબાજુ શોધખોળ કરેલ પરંતુ ચોરાયેલ ડી.સી. કેબલ મળી આવેલ નહિ. વધુમા ઉલટતપાસમા તેઓ ચોરી કોણે અને કેવી રીતે કરેલી તેની તેમને ખબર ન હોવાની હકીકત કબુલ રાખે છે. આમ, ફરીયાદીની જુબાનીથી

ચોરી થયેલ ડી.સી. કેબલ તે આ કામના આરોપીઓએ જ ચોરી કરેલ કે કેમ ? તે હકીકત તેમની જુબાનીથી સ્પષ્ટ થઈ શકતી નથી. વધુમા જે પંચસાહેદોની રૂબરૂમા મુદ્દામાલ આરોપીઓ પાસેથી કબજે કરવામા આવેલ છે તે પંચસાહેદ વિશાલભાઈ ઘનશ્યામભાઈ દિહોરાને આંક.૧૫ અને પંચસાહેદ ઝીલકુમાર રોહીતભાઈ પટેલને આંક.૧૭ થી તપાસવામા આવેલ છે. સદર બંને પં ચસાહેદો તેમની જુબાનીથી હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેઓ તેમની જુબાનીમાં તેમની રૂબરૂમા આરોપીઓ પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ ન હોવાની હકીકત કબુલ રાખે છે. આમ, ફરીયાદપક્ષ કબજે કરવામા આવેલ મુદ્દામાલ કેબલ તે આ કામના આરોપી પાસેથી જ કબજે કરવામા આવેલ કે કેમ ? તે હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમા ગુનાવાળી જગ્યાના પંચસાહેદોને આંક.૧૧ અને ૧૪ થી તેમજ આરોપીની શરીરસ્થિતીના પંચનામાના પં ચસાહેદોને આંક.૧૮ અને ૨૩ થી તપાસવામા આવેલા છે. સદર પંચસાહેદો પણ તેમની જુબાનીથી હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તૈયાર લખેલા કાગળ ઉપર સહી કર્યા સિવાય તેઓ કંઈ જાણતા ન હોવાની હકીકત કબુલ રાખે છે. વધુમા આંક.૨૪ થી ત.ક.અમલદાર દિપકકુમાર રામજીભાઈ રાઠોડ પણ તેમની જુબાનીમા પંચો રૂબરૂ આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે કરેલ હોવાનુ જણાવે છે પરંતુ તે પંચસાહેદો તેમની જુબાનીથી હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેમની હાજરીમા કોઈ મુદ્દામાલ કબજે કરેલ ન હોવાની હકીકત જણાવે છે.

આમ, ઉપરોકત રજૂ થયેલ તમામ પુરાવાઓનાં મુલ્યાંકનના અં તે બનાવમાં માત્ર ચોરી થયેલાની જ હકીકત બહાર આવે છે તેનાથી વિશેષ આરોપી વિરુઘ્ધ ગુનાની કોઈ હકીકત ફલીત થતી નથી. આમ, આ કામના આરોપીઓએ એપોલો સોલાર પાવર પ્લાન્ટમાંથી ૧૨૦૦ મીટર ડી.સી. કેબલોની ચોરી કરેલ હોય તે હકીકત સાબિત કરતો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ

કરવામાં આવેલ નથી કે રેકર્ડ પરના પુરાવાથી તે હકીકત સાબિત થઈ શકતી નથી. ટૂંકમાં, બનાવ વખતે આવુ કૃત્ય કરનાર તે હાલના આરોપીઓ જ હતા, તેવું બતાવવા ફરીયાદપક્ષ તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી અને તેવા પુરાવાના અભાવે આરોપીઓએ જ આવુ કોઈ કૃત્ય કરેલ હોય તેવુ માની લઈ શકાય નહી. આ ઉપરાંત, આ કામે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓને રજુ મૌખિક પુરાવાથી સમર્થન મળતું નથી. રજુ પુરાવાથી આ કામનાં આરોપીઓ એ જ ચોરી કરી, ગુનો કરેલ હોવાનું શંકાથી પણ પુરવાર થતું નથી, ત્યારે માત્ર આ દસ્તાવેજી પુરાવા પર આધાર રાખી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહીં.આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતાં જે પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલો છે તેનાથી આરોપી વિરૂધ્ધનાં ગુન્હાનાં કોઈ જ તત્વો નિ:શંકપણે પુરવાર થતા નથી. આમ, આ કામે કોઈ સબળ પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ નથી તેમજ આ કામે ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવાથી આ કામનાં આરોપીઓએ જ ચોરી કરેલ હોય, તેવી કોઈ હકીકત ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, સમગ્ર હકીકતને લક્ષ્યમાં રાખતાં, રજુ પુરાવા ઉપરથી આરોપી સામે ભારતીય ન્યાય સાંહિતાની કલમ-૩૦૩(૨), ૫૪ મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર માની શકાય તેમ ન હોઈ, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ માટે છેવટનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: ***આ ખ રી હુ ક મ*** ::-

**(૧)** આ કામના આરોપી (૧) મહેશભાઈ માનસીંગભાઈ વસાવા (૨) રમેશભાઈ ગોનજીભાઈ વસાવા (૩) અક્ષયભાઈ વજેસીંગભાઈ વસાવા (૪) હરીસીંગભાઈ વજેસીંગભાઈ વસાવા ૧ થી ૪ રહે.કેવડી,તા.દેડીયાપાડા, જી.નર્મદા (૫) સુરેશભાઈ પ્રતાપભાઈ વસાવા રહે. ઘાંટોલી, તા.દેડીયાપાડા,

જી.નર્મદા (૬) નિરંજનભાઈ રમેશભાઈ વસાવા રહે.કેવડી,તા.દેડીયાપાડા, જી.નર્મદાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સાંહિતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબના ગુનાના તહોમત સબબ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમા દર્શાવેલ મોબાઈલ ફોન અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય બાદ કાયમ રાખવાનો હુકમ કરવામા આવે છે અને શરતો અપીલ સમય બાદ રદ ગણવી અને મુદ્દામાલ મોબાઈલ ફોન અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો અપીલ સમય બાદ માલિકીપણાની ખાતરી કરી તેના ખરા માલિકને પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે તેમજ હાથ પરનો કેસ જોતાં હાલના તબકકે મુદામાલ વાયર અંગેનો કોઈ હુકમ જણાતો ન હોઈ જેથી સદર મુદામાલ બાબતે કોર્ટ ઈન્કવાયરીનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓના જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે તથા બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે પ્રત્યેક આરોપીએ રુા. ૧૫૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૭ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:– ૦૭/૦૩/ ૨૦૨૬**
**સ્થળ : રાજપીપળા**

**( ફૈયાઝ અમાનુલ્લાખાન સિંધી)**
**એડી. ચીફ જ્યુડી. મેજી.,**
**રાજપીપલા, જી.નર્મદા**
**કોડ નં. જીજે૦૧૧૫૧**